

# देशनोपनिषद्

प. पू. आचार्य श्रीहेमचन्द्रसूरीश्वराः

શ્રીનેમિ-નંદન શતાબ્દી ટ્રસ્ટ સંચાલિત
આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ગ્રંથાલય

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રીપ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્ગુરુભ્યો નમઃ

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું-૪૭

વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. ગુરુદેવશ્રીની
વાચનાઓનું સંસ્કૃત કાવ્યમય અવતરણ

# देशनोपनिषद्

: અવતરણ+અનુવાદ+સંપાદન :

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય
**કલ્યાણબોધિસૂરીશ્વરજી** મહારાજ

: પ્રકાશક :

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

: સંસ્થાપક :

**શ્રી મૂળીબેન અંબાલાલ શાહ (ખંભાત)**

• નવનિર્મિત પ્રકરણ : દેશનોપનિષદ્
• ભાષા : સંસ્કૃત, ૧૭૫ શ્લોક
• પ્રકરણનવસર્જન+ભાવાનુવાદ+સંપાદન : પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ
• વિષય : પ્રભુભક્તિ, વૈરાગ્ય, અધ્યાત્મ આદિ
• પઠન-પાઠનના અધિકારી : ગીતાર્થગુરુ અનુજ્ઞાત આત્મા.
• વિ.સં. ૨૦૬૭ • પ્રતિ : ૫૦૦
• આવૃત્તિ : પ્રથમ• મૂલ્ય : રૂા. ૨૨૫
• પ્રકાશક : સંઘવી અંબાલાલ રતનચંદ ધાર્મિક ટ્રસ્ટ
E-mail : jinshasan108@gmail.com
© સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ
આ પુસ્તક જ્ઞાનદ્રવ્યથી પ્રકાશિત થયું છે. માટે ગૃહસ્થે મૂલ્ય ચૂકવીને માલિકી કરવી.
• પ્રાપ્તિસ્થાન: સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ
પી.એ. શાહ જ્વેલર્સ
૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૨૬.

---

મુદ્રક : ભરત ગ્રાફિક્સ, અમદાવાદ-૧.
Ph. : 079-22134176, M : 9925020106,
E-mail : bharatgraphics1@gmail.com

# સુકૃત સહયોગી

પ.પૂ. પ્રવર્તિની

શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી

## શ્રી હેમ પ્રભા દિવ્ય આરાધના ભુવન

ભગવાનનગરનો ટેકરો, પાલડી, અમદાવાદ

જ્ઞાનનિધિ સદ્વ્યયની ભૂરી ભૂરિ અનુમોદના

કહેવાય છે કે
દેવની મોજડીનું એક રત્ન
આખી દુનિયાને ખરીદી શકે છે.
અહીં એવા વચનરત્નો પ્રસ્તુત છે,
જે એક એક રત્ન
અનંત આત્મસમૃદ્ધિને
આપના ચરણોમાં ધરી દે...
પાનાના રત્નોને
પાલવે બાંધી દો
ફાવી જશો...

आत्मनोऽन्तर्महानन्द-
सागरोऽत्र समुल्लसेत् ।
यद्यसौ बाह्यभावान् तु,
विहायान्तर्विशेत् खलु ॥१॥

જો આત્મા
બાહ્ય ભાવોનો ત્યાગ કરીને
અંદર ડૂબકી લગાવે
તો
આત્માની અંદર
આનંદનો મહાસાગર
હિલોળે ચડે. ॥૧॥

निराशं मानसं येषां,
मदमदननिघ्नताम् ।
इहैव जायते तेषां,
जीवन्मुक्तिर्महात्मनाम् ॥२॥

જેમના મનમાં
કોઈ સ્પૃહા નથી,
જેઓ અભિમાન અને
કામવાસના પર
વિજય મેળવે છે,
તેવા મહાત્માઓ અહીં જ
જીવન્મુક્તિના આનંદને
અનુભવે છે. ॥૨॥

मोहक्षयोपशान्त्यैव,

गुणस्साध्यो न तां विना ।

अतोऽनन्तानुबन्ध्यात्म-

कषायान् शमनं नयेत् ॥३॥

મોહનીય કર્મના ક્ષયોપશમથી જ
ગુણની પ્રાપ્તિ થઈ શકે છે,
તેના વિના નથી થઈ શકતી.
માટે અનંતાનુબંધી જેવા
ઉત્કટ કષાયોનો
ઉપશમ કરવો જોઈએ. ॥૩॥

यदा तदुपशान्त्या स्याद्,
गुण आत्मवशस्तदा ।
ग्रन्थिभेदेन प्रायस्स्यान्,
मोक्षे चित्तं भवे तनुः ॥४॥

જ્યારે મોહનીય કર્મના ક્ષયોપશમથી
આત્માને ગુણની પ્રાપ્તિ થાય
ત્યારે તીવ્ર રાગ-દ્વેષરૂપ ગ્રંથિ
ભેદાઈ જાય છે.
આ એક એવી પુનિત દશા છે,
જેમાં મન પ્રાયઃ
મોક્ષમાં હોય છે,
અને શરીર
સંસારમાં હોય છે. ॥૪॥

तस्य तत्सर्व एव स्याद्,
योगो योगो हि भावतः ।
सर्वास्वपि हि चेष्टासु,
परिशुद्धमहात्मनः ॥५॥

એ પુનિત અવસ્થાને પામનાર
અત્યંત નિર્મળ અને મહાન
આત્મા છે.
તે જે પણ ક્રિયા કરે,
એ સર્વ પરમાર્થથી એક
યોગસાધના બની જાય છે. ॥૫॥

देवगुरुसुधर्मेषु,

बहुमानो यदोल्लसेत् ।

सम्यग्दृष्टिविभाऽऽत्मानं,

तदैव परिपावयेत् ॥६॥

સુદેવ, સુગુરુ અને સુધર્મ પર

જ્યારે બહુમાનભાવનો

ઉલ્લાસ થાય,

ત્યારે જ

આત્માના પ્રત્યેક પ્રદેશમાં

સમ્યગ્દર્શનના અજવાળા

પથરાઈ જાય છે. ॥૬॥

विवेको हि जिनोक्तस्य,
सततं परिभावनम् ।
तद्धेतुभावतः प्रोक्तो,
जलं हि जीवनं यथा ॥७॥

જળ એ જ જીવન છે,
કારણ કે જળ વિના જીવન
એ સંભવિત નથી.
પ્રભુવચન પર નિરંતર ચિંતન કરવું
એ જ વિવેક છે,
કારણ કે
સતત તેના ચિંતન વિના
વિવેકની પ્રાપ્તિ થાય,
એ શક્ય નથી. ॥૭॥

जिनस्य करुणा विश्वे,
वर्षति सततं तथा ।
तत्पात्रीक्रियतामात्मा,
यतोऽसौ जिनतां व्रजेत् ॥८॥

પ્રભુની અપરંપાર કરુણા
સમગ્ર વિશ્વ પર
અનરાધાર વરસી રહી છે.
આપણે માત્ર પાત્ર બનવામાં
સફળ થઈ જઈએ,
પ્રભુત્વને પામવામાં આપણને
કોઈ જ અડચણ
નહીં પડે. ॥૮॥

यस्मिन् भावे भवेत् सुप्त-
स्तद्भावस्यानुवर्त्तनम् ।
स्वापकालेऽपि हि स्यात् तत्,
भाव्यं शुभानुभाविना ॥९॥

જે ભાવમાં જીવ સૂઈ જાય છે,
તે ભાવની પરંપરા
ઊંઘના સમયમાં પણ
ચાલુ જ રહે છે,
માટે હંમેશા
શુભ ભાવોમાં
રમણ કરવું જોઈએ. ॥૯॥

गुरोर्यो ह्यनधीनस्स्यात्,
मोहाधीनो भवेद्धि सः ।
गुर्वधीनो भवेद्यस्तु,
मोहानधीनतां व्रजेत् ॥१०॥

જે આત્મા
ગુરુને પરાધીન નથી,
તે આત્મા
મોહને પરાધીન થઈ જાય છે.
જે આત્મા
ગુરુને પરાધીન થાય છે,
તે મોહને વશ થતો નથી. ॥૧૦॥

चित्तसमाधिसत्कानि,
चैत्यानि कारणानि हि ।
आनन्दघन आहैतत्,
सुविधिस्तवने मुनिः ॥११॥

પૂ. આનંદઘનજી મહારાજે
શ્રી સુવિધિનાથ ભગવાનના
સ્તવનમાં કહ્યું છે,
'ચૈત્ય
એ ચિત્તસમાધિનું કારણ છે.'
પ્રભુની પર્યુપાસના કરી લો,
સમાધિનું સુખ
અવશ્ય મળશે. ॥૧૧॥

लीलामात्रेण यो दाता,
स्वपदस्य जिनेश्वरः ।
जिनसमो महात्यागी,
न भूतो न भविष्यति ॥१२॥

પ્રભુ લીલામાત્રમાં
પોતાની પદવી આપી દે છે.
ખરેખર,
પ્રભુ જેવા દાનેશ્વરી
કોઈ થયા નથી,
અને થશે પણ નહીં. ॥૧૨॥

निश्चयरहितो यस्स्या-

द्व्यवहारस्तु सोऽफलः ।

लक्ष्यहीना गतिर्या तु,

किं प्रगत्यावहा भवेत् ? ॥१३॥

જે વ્યવહાર

નિશ્ચયરહિત હોય,

તે નિષ્ફળ છે.

જ્યાં લક્ષ્ય જ

ગેરહાજર હોય,

ત્યાં ગતિ હોઈ શકે છે,

પ્રગતિ કદાપિ નહીં. ॥૧૩॥

जिनस्य प्रतिमा साक्षाज्,
जिन एव हि नापरः ।
प्रथमालम्बनं सैव,
चैत्यवन्दनके भवेत् ॥१४॥

પ્રભુની પ્રતિમા
એ સાક્ષાત્ પ્રભુ જ છે,
બીજું કાંઈ નથી.
ચૈત્યવંદનમાં
પ્રથમ આલંબન પણ
પ્રભુપ્રતિમા જ છે. ॥૧૪॥

सूत्राक्षराणि चालम्बं,
द्वितीयं चैत्यवन्दने ।
तदर्थचिन्त्तनं तु स्या-
दालम्बनं तृतीयकम् ॥१५॥

ચૈત્યવંદનમાં
દ્વિતીય આલંબન છે
સૂત્રોના અક્ષરો.
અને
તૃતીય આલંબન છે
સૂત્રોના અક્ષરોના
અર્થનું ચિંતન. ॥૧૫॥

यावत्कालं भवेदत्र,
तद्भावादनिवर्तनम् ।
शुभाद्वाऽप्यशुभाद्वापि,
सोऽधिगच्छेद्धि तत्फलम् ॥१६॥

જ્યાં સુધી
શુભ કે અશુભ ભાવથી
આત્મા નિવૃત્ત ન થાય,
ત્યાં સુધી
આત્માને તે તે ભાવ દ્વારા
કર્મબંધ થાય છે
અને
તેનું ફળ મળે છે. ॥૧૬॥

हृदयनिर्मलत्वं तु,

पात्रता प्रथमा भवेत् ।

अतो सा स्वधिगन्तव्या,

चैत्यवन्दनकारिणा ॥१७॥

ચૈત્યવંદન કરવા માટેની

પ્રથમ પાત્રતા છે

હૃદયની નિર્મળતા.

માટે

ચૈત્યવંદન કરનારે

આ પાત્રતા

પ્રાપ્ત કરવી જોઈએ. ॥૧૭॥

अनादावत्र संसारे,

भीमभ्रमणकारिण: ।

अहो क्व दर्शनं मे नु,

तारकस्य जिनेशितु: ॥१८॥

ક્યાં

આ અનાદિકાલીન સંસાર !

ક્યાં

એમાં મારું ભયાનક ભ્રમણ !

અને ક્યાં

એમાં

તારક જિનેશ્વરના

દર્શન !!! ॥૧૮॥

इत्यादिभावतो सम्यक्,
हृदयनिर्मलत्वतः ।
सुपात्रं सोऽधिकारी स्या-
दयं हि चैत्यवन्दने ॥१९॥

જેના હૃદયમાં
આવી ભાવનાના
ઝરણા વહી રહ્યા છે,
સમ્યક્પણે
જેનું હૃદય નિર્મળ બન્યું છે,
તે સુયોગ્ય જીવ છે.
તે ચૈત્યવંદન કરવાનો
અધિકારી છે. ॥૧૯॥

परेभ्यो दीयते यद्यत्,
तत्तत् स्वस्मै मिलेद् ध्रुवम् ।
परस्मै दीयतां सौख्यं,
सौख्यस्पृहाऽस्ति चेद् हृदि ॥२०॥

બીજાને જે જે અપાય,
તે અવશ્ય પોતાને મળે જ છે.
માટે જો તમારા હૃદયમાં
સુખની ઈચ્છા હોય,
તો આજથી જ બીજાને
સુખ આપવાનું
ચાલુ કરી દો. ॥૨૦॥

मिथ्यादृक् कुरुते पाप-
मुपादेयधिया यतः ।
सानुबन्धमतो पापं,
प्रायस्तस्य प्रकीर्तितम् ॥२१॥

મિથ્યાદૃષ્ટિ પાપ તો કરે છે,
સાથે સાથે
એ પાપને
ઉપાદેય પણ માને છે.
માટે
તેનું પાપ
પ્રાયઃ સાનુબંધ
હોય છે. ॥૨૧॥

सद्दृष्टिः पापकृत् चेत्स्यात्,
तथापि हेयबुद्धितः ।
निरनुबन्ध एव स्या-
दतोऽस्य कर्मसञ्चयः ॥२२॥

સમ્યગ્દષ્ટિ
જો કદાચ પાપ કરે,
તો પણ
'આ પાપ હેય છે'
એવી એને
સતત સભાનતા હોય છે,
માટે
તેને બંધાતુ કર્મ
નિરનુબંધ હોય છે. ॥૨૨॥

शुभा वाऽप्यशुभा वाऽपि,
मनोवाग्देहवृत्तयः ।
फलन्त्यवश्यमेवैताः,
शुभाशुभफलत्वतः ॥२३॥

મન, વચન અને કાયાની
પ્રવૃત્તિઓ શુભ હોય કે
અશુભ હોય,
તેઓ અવશ્ય
શુભ કે અશુભ ફળ
આપે છે. ॥૨૩॥

अनाहारोऽसदाहारो,
यथा स्यान्मृत्युकारणम् ।
तथैव मनसः पक्षे-
ऽत्राहारस्तस्य गोचरः ॥२४॥

જેમ
અનાહાર કે અસમ્યક્ આહાર
મૃત્યુનું કારણ બને છે,
તે જ રીતે
મનની બાબતમાં પણ
સમજવું જોઈએ.
પ્રસ્તુતમાં આહાર છે,
મનનો વિષય. ॥૨૪॥

विश्वे तन्नास्त्ति दुःखं यन्,
सोढं नास्माकमात्मभिः ।
विश्वे तन्नास्त्ति पापं यत्,
कृतं नास्माकमात्मना ॥२५॥

વિશ્વમાં
એવું કોઈ દુઃખ નથી,
કે જે આપણા આત્માએ
સહન ન કર્યું હોય.
વિશ્વમાં
એવું કોઈ પાપ પણ નથી,
જે આપણા આત્માએ
કર્યું ન હોય. ॥૨૫॥

स्वयम्भूरमणस्पर्द्धी,

करुणारसवारिणा ।

एतदप्युपमामात्रं,

सूपमाविरहत्वतः ॥२६॥

પ્રભુની
અપરંપાર કરુણાની સામે
સ્વયંભૂરમણ સમુદ્ર પણ
વામણો બની જાય છે.
આ પણ માત્ર ઉપમા જ છે.
પ્રભુની કરુણા તો
કલ્પનાતીત છે.
તેના માટે યોગ્ય એવી
કોઈ ઉપમા જ નથી. ॥૨૬॥

एतादृक्करुणावन्त-
स्तीर्थकरा भवन्ति हि ।
अपराधिन्यपि तेषा-
मस्खलितः कृपारसः ॥२७॥

તીર્થંકરો
આવી અદ્‌ભુત કરુણાના
સ્વામી હોય છે.
અપરાધી પ્રત્યે પણ
તેમનો કરુણારસ
અસ્ખલિતપણે
વહ્યા કરે છે. ॥૨૭॥

निर्गुणं सर्वमप्यत्र,
संसारे विद्धि तत्त्वतः ।
विज्ञानं एतदेवोक्तं,
निर्वेदत्वेन चागमे ॥२८॥

સમજી લો કે,
સંસારની સર્વ વસ્તુઓ
પરમાર્થથી નિર્ગુણ છે,
તેમાં ક્યાંય સારાપણું નથી.
આ જ 'સમજ'ને
આગમમાં
'ભવનિર્વેદ' તરીકે
ઓળખાવી છે. ॥૨૮॥

गुर्वाज्ञापालनं प्रोक्तं,
चारित्रं श्रीजिनागमे ।
तस्या अतिक्रमश्चातो -
ऽचारित्रमेव नापरम् ॥२९॥

'ગુર્વાજ્ઞાપાલન એ જ
ચારિત્ર છે'
આ વચન છે જિનાગમનું.
માટે
ગુર્વાજ્ઞાનું ઉલ્લંઘન
એ બીજું કાંઈ નથી,
અચારિત્ર જ છે. ॥૨૯॥

स्वेच्छातो यत्तु चारित्र-
मचारित्रं तु तत्त्वतः ।
गीतार्थस्य नियोगेन,
स्थितिश्चारित्रमुच्यते ॥३०॥

સ્વેચ્છાથી
ચારિત્રનું પાલન કરવું,
એ વાસ્તવિક રીતે તો
અચારિત્ર જ છે.
ગીતાર્થની
આજ્ઞાપૂર્વક રહેવું
એનું નામ ચારિત્ર છે. ॥૩૦॥

गुरुकुले निवासो य -
स्तीर्थकृता प्रतिष्ठितः ।
श्रेष्ठोपायस्तु मोक्षस्य,
सेवितो गणधारिभिः ॥३१॥

ગુરુકુળવાસ
એ મોક્ષનો શ્રેષ્ઠ ઉપાય છે.
આ ઉપાયની પ્રતિષ્ઠા કરી છે
સ્વયં તીર્થંકર ભગવંતે.
અને
આ ઉપાયની આરાધના કરી છે,
સ્વયં ગણધર ભગવંતોએ. ॥૩૧॥

शुद्धोञ्छहेतुनाप्यस्य,
त्याग उक्तो भयावहः ।
मत्स्यसागरन्यायेन,
प्राणापहो जिनागमे ॥३२॥

દરિયામાં માછલાઓની અથડામણ
તો થાય, પણ તેનાથી કંટાળીને
કોઈ માછલા જો દરિયાની
બહાર નીકળી જાય તો ?
તરફડી તરફડીને મરી જ જાય ને?
નિર્દોષ ગોચરીના નિમિત્તે પણ
ગુરુકુળવાસનો ત્યાગ
એ ભયાનક છે.
એ સાધક આત્માના
પ્રાણ હરી લે છે. ॥૩૨॥

यद्यपि भावपातस्स्या -
त्तथाप्यन्यैः स रक्ष्यते ।
वेणुर्विलूनमूलोऽपि,
वंशवने पतेन्न हि ॥३३॥

વાંસની ઝાડી જોઈ છે ?
કોઈ વાંસ નીચેથી કપાઈ જાય,
તો પણ એ પડી જતો નથી.
કારણ કે આજુ-બાજુના વાંસ
એને પડવા દેતા નથી. એ જ રીતે
કોઈ સાધકના ભાવ
પડી પણ જાય,
તો ય ગુરુકુળવાસમાં
તેની સુરક્ષા થાય છે. ॥૩૩॥

भवाभिनन्दिनो ये ते,
भवेयुर्यदि दीक्षिताः ।
स्वापायजनकास्ते स्युः,
परापायेऽपि कारणाः ॥३४॥

ભવાભિનંદી જીવો
જો દીક્ષા લે,
તો તેઓ પોતાનું પણ
અહિત કરે,
અને બીજાનું પણ
અહિત કરે. ॥૩૪॥

क्षीणप्रायस्तु यस्य स्यात्,
कर्ममलः स तूचितः ।
चारित्राय अतो देयं,
तस्यैतन्नापरस्य तु ॥३५॥

ચારિત્ર માટે
પાત્ર આત્મા તે છે,
કે જેના કર્મોના મેલ
ઘણા ખરાં ધોવાઈ ગયા છે.
માટે તેવા જ આત્માને
ચારિત્ર આપવું જોઈએ,
બીજાને નહીં. ॥૩૫॥

निर्मलबुद्धिरेष स्यात्,
मोहक्षयोपशान्तितः ।
एतत्प्रभावतः कोप -
प्रमुखरहितो भवेत् ॥३६॥

એવો આત્મા
મોહનીય કર્મના
ક્ષયોપશમને પ્રભાવે
નિર્મળ બુદ્ધિનો સ્વામી હોય
અને તેથી જ
તેનામાં ક્રોધ વગેરે
દોષો ન હોય. ॥૩૬॥

मनोवाक्काययोगानां,
यद् गुरौ स्यात् समर्पणम् ।
भावदीक्षेयमेवान्यद्,
विधिमात्रं विधीयते ॥३७॥

ગુરુના ચરણે
મન-વચન-કાયાના યોગોનું
સમર્પણ
એનું જ નામ ભાવદીક્ષા.
અન્ય તો
માત્ર વિધિ જ
કરાય છે. ॥૩૭॥

शेषाश्चेत् सद्गुणा न स्यु -
यच्छेत् दीक्षां तथापि हि ।
यदि समुपसम्पन्न -
सद्गुणस्तस्य विद्यते ॥३८॥

દીક્ષાર્થીમાં બીજા સદ્ગુણો
કદાચ ન પણ હોય,
તો પણ
જો તેનામાં સમર્પણ હોય,
તો તેને
દીક્ષા આપવી જોઈએ. ॥૩૮॥

निर्मलं हृदयं चेत् स्यात्,
प्रसन्नं यदि चान्तरम् ।
तदैव दुःखनाशस्स्यात्,
सौख्यसाक्षात्कृतिस्तथा ॥३९॥

દુઃખનો નાશ ત્યારે જ થશે,
સુખનો સાક્ષાત્કાર
પણ ત્યારે જ થશે,
કે જ્યારે હૃદય નિર્મળ બનશે,
અને
ચિત્ત પ્રસન્નતાની
પરબ બનશે. ॥૩૯॥

हृदयनिर्मलत्वं चेत्,
चित्तशुभोपयोगिता ।
तदावाप्तं स्वकल्याणं,
स्वल्पेनैवाध्वना ध्रुवम् ॥४०॥

જો હૃદય નિર્મળ બની જાય
અને
ચિત્ત શુભ ઉપયોગમાં
લીન બની જાય,
તો સમજી લો કે હવે
ટૂંક જ સમયમાં
આપણું કલ્યાણ
નિશ્ચિત છે. ॥૪૦॥

संयोगा हि वियोगान्ता,
विषया दुःखहेतवः ।
मृत्युः प्रतिक्षणं कर्म -
विपाका दारुणास्त्तथा ॥४१॥

સંયોગનું પરિણામ છે વિયોગ.
વિષયો એ દુઃખના કારણ છે.
પ્રત્યેક ક્ષણે મૃત્યુ છે
તથા
કર્મના વિપાકો
ભયંકર છે. ॥૪૧॥

इत्यवगतवैगुण्यः,
संसारोद्वेगभाक् भवेत् ।
चिन्तयेन्नित्यमेवैकं,
सगुणं जिनशासनम् ॥४२॥

આવો છે સંસાર, જેમાં સારનું
કોઈ નામોનિશાન નથી.
આમ સમજીને
સંસાર પ્રત્યે વૈરાગ્યભાવ
કેળવવો જોઈએ.
'સારભૂત કાંઈ હોય તો એ છે
એક માત્ર જિનશાસન'
એવું હંમેશા
ચિંતન કરવું જોઈએ. ॥૪૨॥

संसारोद्वेगरूपो हि,

विरागोऽत्र यथोच्यते ।

सद्देवादौ विशिष्टोऽपि,

रागो विराग उच्यते ॥४३॥

વિરાગ બે પ્રકારનો છે-

એક તો

સંસાર પ્રત્યેનો ઉદ્વેગભાવ

અને

બીજો

સુદેવ-સુગુરુ-સુધર્મ

આ ત્રણ પ્રત્યે

વિશિષ્ટ રાગનો ભાવ. ॥૪૩॥

चित्तं जिने विनिश्रान्तं,
हृदयं सद्गुरौ तथा ।
आत्मद्रव्यं जिनाज्ञायां,
भावमोक्षोऽयमुच्यते ॥४४॥

ચિત્ત
પ્રભુમાં લયલીન બની જાય,
હૃદય
સદ્ગુરુને સમર્પિત બની જાય,
અને
આત્મદ્રવ્ય
જિનાજ્ઞાનું શરણ સ્વીકારી લે,
એનું જ નામ
ભાવમોક્ષ. ॥૪૪॥

महोपाध्यायवाचेयं,
निन्दको नारकी ध्रुवम् ।
यं यं दोषं तु निन्देद्यः,
स तत्तद्दोषभाग् भवेत् ॥४५॥

પૂ. મહોપાધ્યાયજીનું વચન છે,
'નિંદક નિશ્ચે નારકી'.
જે વ્યક્તિ જે જે દોષોની
નિંદા કરે છે,
તે વ્યક્તિના જીવનમાં
તે તે દોષ આવી જાય છે. ॥૪૫॥

शिष्टपुरुषनिन्दा या,
हर्षश्च यस्तदापदि ।
तदापदश्च यत् स्वस्य,
सत्यां शक्तावत्रारणम् ॥४६॥
लोकविरुद्धमेतत् स्यात्,
तामसभावजृम्भितम् ।
लोकैः शश्वत्सुखार्थं तत्,
त्याज्यं शश्वत् त्रिधापि हि ॥४७॥

શિષ્ય પુરુષોની નિંદા, તેમની આપત્તિમાં થતો હર્ષ, પોતાની શક્તિ હોવા છતાં તેમની આપત્તિને દૂર ન કરવી... ॥૪૬॥

આ બધું લોકવિરુદ્ધ છે. આવી વૃત્તિ તામસભાવથી ઉત્પન્ન થાય છે. જેમને મોક્ષ જોઈએ છે, તેમણે હંમેશા મન-વચન-કાયાથી આવી વૃત્તિનો ત્યાગ કરવો જોઈએ. ॥૪૭॥

गण्डकृन्तनकारी यो,
वैद्यः स उपकारकः ।
कर्मगण्डापनेतैवं,
भवत्येवोपकारकः ॥४८॥

ડૉક્ટર ગુમડાને કાપે,
તો ય તે ઉપકારી જ બને છે.
તે જ રીતે
જે આપણા કર્મોના ગુમડાને
દૂર કરે છે,
અર્થાત્
કર્મનિર્જરાના નિમિત્ત બને છે,
તે પણ આપણા
ઉપકારી જ છે. ॥૪૮॥

आस्तां न्यक्कारकृत् स्वस्य,
आस्तां योऽप्यस्ति निन्दकः ।
प्राणापहारकर्ता यः,
सोऽप्यहो ! उपकारकः ॥४९॥

કોઈ આપણો તિરસ્કાર કરે,
કોઈ આપણી નિંદા કરે,
તેની વાત તો જવા દો,
જે આપણા પ્રાણ હરી લે છે,
તે પણ આપણો
ઉપકારી છે. ॥૪૯॥

कोटिद्रव्यव्ययेनैते,

क्रियन्ते यज्जिनालयाः ।

कृतज्ञता भवत्येषा,

जिनोपकारसंस्मृतिः ॥५०॥

આજે કરોડો રૂપિયાના વ્યયે
જિનાલયોનું જે નિર્માણ કરાય છે,
તે પ્રભુ પ્રત્યેની કૃતજ્ઞતા છે.
પ્રભુએ આપણા પર વરસાવેલી
અપરંપાર કરુણા
અને તેમના ઉપકારોનું
મધુર સંસ્મરણ છે. ॥૫૦॥

पुस्तकस्थं तु यज् ज्ञानं,
द्रव्यज्ञानं तदुच्यते ।
ज्ञानपरिणतात्मा यो,
भावज्ञानं स उच्यते ॥५१॥

પુસ્તકમાં રહેલું જે જ્ઞાન,
એ દ્રવ્યજ્ઞાન છે,
જ્ઞાનમાં પરિણત આત્મા
તે ભાવજ્ઞાન છે. ॥૫૧॥

यत्र रत्नत्रयं नास्ति,
तत्र न विद्यते मुनेः ।
करणस्याधिकारोऽय -
मुपदेशततेर्मतः ॥५२॥

ઉપદેશમાળા કહે છે,
‘જેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની
આરાધના નથી,
એવી કોઈ પ્રવૃત્તિ કરવાનો
સાધુને અધિકાર નથી.’ ॥૫૨॥

कृतज्ञस्य तु या विद्या,
सा विद्या प्रतितिष्ठति ।
कृतघ्नस्य तु विद्याऽपि,
शीघ्रमेव विनश्यति ॥५३॥

જે કૃતજ્ઞ છે,
તેની વિદ્યા પ્રતિષ્ઠા પામે છે.
તેણે મેળવેલું જ્ઞાન
સુસ્થિર બને છે.
પણ જે કૃતઘ્ન છે,
તે કદાચ વિદ્યા મેળવી પણ લે,
તો ય તેની વિદ્યા
શીઘ્ર નાશ પામે છે. ॥૫૩॥

गुर्वनुवर्तनं यत्तु,
कर्मापनयकारणम् ।
विनयोऽयं समाख्यातो,
जिनागमविशारदैः ॥५४॥

જિનાગમના જ્ઞાતાઓ કહે છે,
કર્મોની નિર્જરા કરનારું
એવું ગુરુની ઈચ્છાને અનુસરણ,
એનું નામ વિનય. ॥૫૪॥

सर्वगुणमूलं ह्येष,
विद्यैकोपनिषत् परा ।
अन्येषामप्यसाध्यं स्या-
द्विनीतस्य न विद्यते ॥५५॥

વિનય
એ સર્વ ગુણોનું મૂળ છે.
જ્ઞાનપ્રાપ્તિનું પરમ રહસ્ય છે.
અન્ય જીવો માટે
અશક્ય વસ્તુ હોઈ શકે છે,
વિનીત જીવો માટે
કાંઈ જ અશક્ય નથી. ॥૫૫॥

चण्डालादपि विद्यां यो,

नीचैर्भूय पपाठ सः ।

श्रेणिकाभिधभूपालो,

दृष्टान्तं विनये परम् ॥५६॥

વિનયનું ઉત્તમ દૃષ્ટાંત છે
શ્રેણિક રાજા.
જેમણે ચંડાળ પાસેથી વિદ્યા લીધી
ત્યારે પોતે તેનાથી નીચા
આસને રહ્યા...
ચંડાળ-વિદ્યાગુરુનો
પણ વિનય કર્યો. ॥૫૬॥

रत्नत्रयीप्रदाता यो,
घोरसंसारतारकः ।
महोपकारको योऽसौ,
विनयेऽस्य किमुच्यते ? ॥५७॥

તો પછી
જે રત્નત્રયીના દાતા છે,
ભીમભવોદધિતારક છે,
મહા ઉપકારી છે,
એવા ગુરુના વિનયની તો
શું વાત કરવી ? ॥૫૭॥

कायेन मनसा वाचा,
सर्वात्मना तथा भवेत् ।
यथा स्याद्विनयः सम्यक्,
यथा स्याद् गुरुगौरवम् ॥५८॥

કાયાથી, મનથી, વાણીથી...
એટલું જ નહીં
પણ આત્માના પ્રત્યેક પ્રદેશે
તેવું વલણ હોવું જોઈએ,
કે જેનાથી વિનયનું
સમ્યક્ પાલન થાય,
અને જેનાથી ગુરુનું
ગૌરવ સચવાય. ॥૫૮॥

आहारादावभिलाष -

स्तत्कृता या च संस्कृतिः ।

सैव सञ्ज्ञाऽस्ति संसार -

प्ररोहजलसारणिः ॥५९॥

આહાર વગેરેની
જે અભિલાષા અને
તેનાથી જનમતા
જે કુસંસ્કારો
એ જ સંજ્ઞા છે.
સંસાર એક અંકુર છે,
અને
સંજ્ઞા તેને વધારનારી
પાણીની નીક છે. ॥૫૯॥

केवलालोकतो वीक्ष्य,
तत्तज्जीवस्य योग्यताम् ।
यथार्हं धर्ममाख्यान्ति,
प्रभवः सर्ववेदिनः ॥६०॥

સર્વજ્ઞ ભગવંતો
કેવળજ્ઞાનના પ્રકાશથી
તે તે જીવોની
યોગ્યતા જોઈને
તેમને યથાયોગ્ય
ધર્મનો ઉપદેશ
આપે છે. ॥૬૦॥

तीव्रभावकृतं पापं,

भवसहस्रतोऽर्जितम् ।

पुण्यं सर्वं विनिर्दाह्य,

भस्मसात् प्रकरोत्यरम् ॥६१॥

તીવ્ર ભાવથી કરેલું પાપ

હજાર જન્મોમાં ઉપાર્જિત કરેલા

સર્વ પુણ્યને સળગાવીને

તેને ક્ષણવારમાં

ભસ્મીભૂત કરી દે છે. ॥૬૧॥

प्रान्तकाले जगन्मैत्री -
भावश्चेद् हृदये भवेत् ।
जिह्वाग्रे चेन्नमस्कार -
स्तदा सद्गतिगो ध्रुवम् ॥६२॥

અંત સમયે
જો હૃદયમાં વિશ્વમૈત્રીનો ભાવ હોય,
અને
જીભ પર જો નવકાર હોય,
તો જીવ
અવશ્ય સદ્ગતિમાં જાય છે. ॥૬૨॥

लब्धिशुद्धिर्भवेदेव -
मुपयोगस्य शोधनम् ।
द्वयभावे भवान्तोऽपि,
साध्यस्स्यात् किमु सद्गतिः?॥६३॥

વિશ્વમૈત્રીથી
લબ્ધિની શુદ્ધિ થાય છે,
અને
નવકારથી
ઉપયોગની શુદ્ધિ થાય છે.
આ બે શુદ્ધિ મોક્ષ પણ આપે છે
તો પછી
સદ્ગતિની
તો શું વાત કરવી ? ॥૬૩॥

कः सङ्घाभ्युदयोपायः,
पञ्चाचारस्य पालनम् ।
यावन्मात्रस्तदाचार -
स्तावदेवोदयोऽपि हि ॥६४॥

સૂરિ પ્રેમને પ્રશ્ન કરવામાં આવ્યો,
'સંઘના અભ્યુદયનો ઉપાય શું ?'
જવાબ મળ્યો,
'પંચાચારપાલન.'
જેટલા અંશે
પંચાચારનું પાલન થાય,
તેટલા અંશે
સંઘનો અભ્યુદય થાય. ॥૬૪॥

पञ्चप्रहरस्वाध्यायो,
ज्ञानाचारस्य पालनम् ।
निःशङ्कितादिस्थैर्यं तु,
दर्शनाचारपालनम् ॥६५॥

પાંચ પ્રહરનો સ્વાધ્યાય
એ જ્ઞાનાચારનું પાલન છે.
શંકા-કાંક્ષા વગેરે
અતિચારો ન હોવા...
સમ્યક્ત્વ સુસ્થિર હોવું
એ દર્શનાચારનું
પાલન છે. ॥૬૫॥

प्रवचनप्रसूरक्षा,
चारित्राचारपालनम् ।
यथाशक्ति तपश्चर्या,
तपआचारपालनम् ॥६६॥

પ્રવચનમાતાની પાલના
એ ચારિત્રાચારનું પાલન છે,
યથાશક્તિ તપસ્યા કરવી
એ તપાચારનું પાલન છે. ॥૬૬॥

अपूर्वापूर्वसूल्लास,
उक्ताचारचतुष्टये ।
वीर्याचारः समाख्यातो -
ऽनन्तवीर्यविभूषितैः ॥६७॥

આ ચારે આચારોમાં
અપૂર્વ અપૂર્વ વીર્યોલ્લાસ
એ વીર્યાચાર છે,
એવું અનંત વીર્યસંપન્ન
તીર્થંકરોએ જણાવ્યું છે. ॥૬૭॥

चारित्रं हि महानन्दः,

सदा नन्दी सुसंयमे ।

चारित्रसदृशं विश्वे,

न भूतं न भविष्यति ॥६८॥

ચારિત્ર એ જ મહા આનંદ છે.

સંયમમાં હંમેશા

અપાર પ્રસન્નતા હોય છે.

ચારિત્રની તોલે આવે

એવી કોઈ વસ્તુ

વિશ્વમાં થઈ નથી,

અને

થશે પણ નહીં. ॥૬૮॥

देवा अपि नमस्यन्ति,
चारित्रे सुप्रतिष्ठितम् ।
चारित्रधर्मभ्रष्टस्य,
नरा अपि पराङ्मुखाः ॥६९॥

જે ચારિત્રમાં સુપ્રતિષ્ઠિત છે,
તેમને દેવો પણ નમસ્કાર
કરે છે.
પણ જે ચારિત્રધર્મથી ભ્રષ્ટ છે,
તેમનાથી મનુષ્યો પણ
વિમુખ બની જાય છે. ॥૬૯॥

गृहिसंस्तववृद्धिस्स्या -
द्यथा यथा मुनेः खलु ।
तथा तथा भवेदस्य,
हानिः संयमपर्यये ॥७०॥

મુનિનો ગૃહસ્થપરિચય
જેમ જેમ વધે,
તેમ તેમ
તેના સંયમપર્યાયોની
હાનિ થાય. ॥૭૦॥

अर्थार्जनसुव्यग्रो यो,

न वक्ति केनचित् क्वचित् ।

कथञ्कारं वदेद् व्यग्रः,

संयमधनसञ्चये ॥७१॥

જે ધનોપાર્જનમાં

અત્યંત વ્યગ્ર છે,

તે કોઈની સાથે

ક્યાંય વાતો કરતો નથી.

તો જે સંયમ-ધનનું

ઉપાર્જન કરવામાં વ્યગ્ર છે,

તે કોઈની સાથે

શી રીતે વાતો કરે ? ॥૭૧॥

वाचि कठोरता ज्ञाना -
वरणकर्मबन्धनम् ।
श्रुताधिष्ठायिकायाश्च,
देव्या आशातनं परम् ॥७२॥

વાણીની કઠોરતા
એ શ્રુતાધિષ્ઠાયિકા
શ્રી સરસ્વતીદેવીની
પરમ આશાતના છે,
તેનાથી જ્ઞાનાવરણીય કર્મનો
બંધ થાય છે. ॥૭૨॥

अवाप्तव्यं तथा वित्तं,
यथा द्रोहो भवेन्नहि ।
नीतियुक्तो भवेदेवं,
विभवो नान्यथा क्वचित् ॥७३॥

ધન
તે રીતે પ્રાપ્ત કરવું જોઈએ,
કે જેનાથી
કોઈનો દ્રોહ ન થાય.
વૈભવને નીતિસંપન્ન બનાવવાનો
આ જ એક માર્ગ છે,
બીજો કોઈ નહીં. ॥૭૩॥

न द्रोहकृद् भवेद्योग्यः,
प्रव्रज्यायाः कदाचन ।
तत्र मित्रादीनां द्रोही,
देवगुर्वोर्भवेदिह ॥७४॥

જે કોઈનો દ્રોહ કરે છે,
તે આત્મા
પ્રવ્રજ્યા માટે અપાત્ર છે.
ગૃહસ્થપણે જે મિત્ર વગેરેનો
દ્રોહ કરે છે,
તે પ્રવ્રજ્યા બાદ
દેવ અને ગુરુનો
દ્રોહ કરે છે. ॥૭૪॥

सर्वत्राद्रोहवृत्तिर्यः,
सर्वत्रौचित्यमञ्चति ।
प्रशमप्लावितात्मा यो,
दीक्षामेष समर्हति ॥७५॥

જે કોઈનો દ્રોહ ન કરે,
જે સર્વત્ર ઔચિત્યનું પાલન કરે,
જેનું હૃદય પ્રશમરસથી
આપ્લાવિત હોય,
તે દીક્ષા માટે
પાત્ર આત્મા છે. ॥૭૫॥

अविरतो हि सद्दृष्टिः,
परमदुःखितो भवे ।
जानन्नपि पिबन् विषं,
कथं न दुःखितो भवेत् ? ॥७६॥

સંસારમાં અત્યંત દુ:ખી
કોઈ હોય, તો એ છે
અવિરત સમ્યગ્દષ્ટિ.
'આ ઝેર છે'
એવું જાણવા સાથે
જેણે ઝેર પીવું પડે,
એ વ્યક્તિ
દુ:ખી જ હોય ને ? ॥૭૬॥

न यस्य कोपविक्षोभो,
वक्रतांशोऽपि न क्वचित् ।
नाहङ्कारस्य लेशोऽपि,
सद्गतिभाग् भवेद् ध्रुवम्॥७७॥

જેના મનમાં ક્રોધજન્ય ખળભળાટ નથી, જેના હૃદયમાં માયાનો અંશ પણ નથી, તથા જેના દિલમાં અભિમાનનો છાંટો પણ નથી, તે આત્મા અવશ્ય સદ્ગતિમાં જાય છે. સાવધાન ! જો ક્રોધ વગેરે દોષોને અટકાવવામાં આપણે નિષ્ફળ ગયા, તો આપણી દુર્ગતિને કોઈ જ અટકાવી શકવાનું નથી. ॥૭૭॥

आत्मनिवेदनं कार्यं,
परमात्मपुरः सदा ।
मत्समोऽस्ति खलो नान्यः,
सर्वथाऽस्म्यधमाधमः ॥७८॥

પરમાત્માની સમક્ષ
હંમેશા એક નિખાલસ
ખુલાસો કરવો જોઈએ કે
'પ્રભુ !
મારા જેવો દુર્જન
બીજો કોઈ નથી.
ખરેખર... હું બધી રીતે
અધમાધમ છું.' ॥૭૮॥

लोकोत्तरपरिणामो,
भावमौनप्रयोजकः ।
द्रव्यसाधुरसावेत -
त्परिणामप्रशून्यहृत् ॥७९॥

ભાવસાધુતાના મૂળમાં છે
લોકોત્તરપરિણતિ.
જેના હૃદયમાં
આ પરિણતિ નથી,
એ દ્રવ્યસાધુ છે. ॥૭૯॥

श्रामण्ये हि प्रगुणत्वं,
गुरोः सर्वनिवेदनम् ।
अज्ञापितप्रवृत्तिस्तु,
शिष्यवक्रत्वसूचकम् ॥८०॥

બધું જ ગુરુદેવને જણાવવું
એ શ્રમણજીવનની સરળતા છે.
ગુરુને જણાવ્યા વિના -
અનુજ્ઞા વિના
પ્રવૃત્તિ કરવી, એ તો
શિષ્યની વક્રતાનું
સૂચક છે. ॥૮૦॥

सर्वाभीष्टानुयोगित्वं,
जिनाज्ञाया विराधनम् ।
द्वयमेतन्मुनिवेषे,
ह्यपि नरककारणम् ॥८१॥

મુનિવેષની કોઈ શેહ-શરમ
રાખ્યા વિના નરકમાં
ઘસડી જાય,
એવી બે પ્રવૃત્તિ છે,
(૧) સર્વ ઈચ્છિત વસ્તુઓ
મેળવતા રહેવી.
(૨) જિનાજ્ઞાની વિરાધના કરવી.
॥૮૧॥

द्वादशाङ्गीं तदंशं वा,
धारयति स उच्यते ।
सङ्घश्चतुर्विधो ह्येष,
भवति जिनकीर्तितः ॥८२॥

જે દ્વાદશાંગીને અથવા
દ્વાદશાંગીના અંશને
ધારણ કરે
તે સંઘ છે.
સંઘ ચાર પ્રકારનો છે.
સાક્ષાત્ જિનેશ્વર પણ
સંઘની સ્તુતિ કરે છે. ॥૮૨॥

वीतरागे जिने यत्तु,
परमात्मेतिदर्शनम् ।
सुकरं तद् गुरौ यत्स्या -
त्तदेवास्त्ति सुदुष्करम् ॥८३॥

પ્રભુ તો વીતરાગ છે.
પ્રભુમાં પરમાત્માનું
દર્શન કરવું સહેલું છે.
ગુરુમાં 'પરમાત્મા' જોવા
તે જ અતિ દુષ્કર છે. ॥૮૩॥

यावन्मात्रं जिनायैव,
दद्‌मस्तावदेव नः ।
शिष्टं तु सर्वमप्येतत्,
परकीयं न संशयः ॥८४॥

આપણે જેટલું
ભગવાનને આપીએ છીએ,
તેટલું જ આપણું છે.
બાકીનું તો બધું જ પારકું છે.
એમાં કોઈ શંકા નથી. ॥૮૪॥

अभक्तेः फलमेवाहु -
रंशेनाप्यनियोजनम् ।
सर्वं यच्छ जिनायासौ,
सर्वं तुभ्यं प्रदास्यति ॥८५॥

થોડું પણ ન આપવું,
એ ય ભક્તિની ખામી જ છે.
આપણે બધું જ પ્રભુના ચરણે
ધરી દઈએ,
પ્રભુ પોતાનું સર્વસ્વ
આપણને આપી દેવા માટે
ક્યારના ય ઉત્સુક છે. ॥૮૫॥

सङ्घगोचरवात्सल्य -
स्तिरस्कारं करोति न ।
दोषापनोद एवासौ,
यतते नावलोकने ॥८६॥

જેને શ્રીસંઘ ઉપર વાત્સલ્ય છે,
એ કદી શ્રીસંઘનો
તિરસ્કાર ન કરે,
એ તો દોષને દૂર કરવા જ
પ્રયત્ન કરે,
દોષદર્શન હરગીઝ ન કરે. ॥૮૬॥

मच्छिष्योऽस्ति यथा मे हि,
सङ्घोऽप्येवं मदीयकः ।
ममकारोऽस्ति यस्यैष,
स हि सद्दृष्टिशेखरः ॥८७॥

જેમ મારો શિષ્ય
એ 'મારો' છે,
એમ શ્રીસંઘ પણ 'મારો' છે,
જેને શ્રીસંઘ પ્રત્યે
આવી મમતા છે,
તે આત્મા
શ્રેષ્ઠ સમ્યગ્દૃષ્ટિ છે. ॥૮૭॥

अनुमोदये सर्वेषां,
सुकृतानि सदाप्यहम् ।
निन्दाम्यहं मम कृत्स्न -
दुष्कृतानि कृतानि प्राक् ॥८८॥

સર્વ જીવોના સુકૃતોની
હું સદા અનુમોદના કરું છું.
મારા પૂર્વકૃત સર્વ દુષ્કૃતોની
હું નિંદા કરું છું. ॥૮૮॥

कष्टान्यपि न कष्टानि,
तेभ्यश्चेदिष्टसाधनम् ।
का दुष्करा परिव्रज्या,
मुमुक्षूणां महात्मनाम् ? ॥८९॥

જો કષ્ટોથી મનોકામના
પૂર્ણ થતી હોય,
તો એ કષ્ટો પણ વાસ્તવમાં
કષ્ટો નથી.
તો પછી જેમને મોક્ષની જ
ઈચ્છા છે, એવા મહાન આત્માઓ
માટે ચારિત્રનું પાલન
દુષ્કર શી રીતે
હોઈ શકે ? ॥૮૯॥

लक्षमनुष्यसंहारा -

दप्यधिकं भयावहम् ।

मनोवाक्कायदुर्वृत्त -

मनन्तमृतिदायकम् ॥९०॥

લાખો માણસોનો સંહાર થઈ જાય,

એના કરતાં પણ વધુ ભયાનક છે

મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિ.

કારણ કે

એકમાં લાખો માણસ મરે છે,

જ્યારે બીજાથી

એક જ આત્માના

અનંત મરણ થાય છે. ॥૯૦॥

द्रव्यरोगचिकित्सा तु,
कदाऽभून्नेति संशयः ।
भावरोगचिकित्सा तु,
कदाऽभूदिति संशयः ॥९१॥

દ્રવ્યરોગને દૂર કરવાની ઈચ્છા
ક્યારે નથી થઈ,
એ પ્રશ્ન છે,
તો ભાવરોગને દૂર કરવાની ઈચ્છા
ક્યારે થઈ છે,
એ પ્રશ્ન છે...
આ સ્થિતિમાં આત્માનું
કલ્યાણ શે થાય ? ॥૯૧॥

मस्तकवेदनायास्तु,
प्रकाशनं प्रकुर्महे ।
न तु क्रोधादिदोषाणां,
सर्वं हि नोऽसमञ्जसम् ॥९२॥

આપણું માથુ દુઃખતું હશે,
તો આપણે બધાને
એ વાત કહ્યા કરશું,
પણ આપણને ક્રોધ, માન વગેરે
દોષો સતાવે છે,
એની વાત આપણે
કદી કોઈને કહેતા નથી.
આ આપણી
કેવી વિચિત્રતા ? ॥૯૨॥

आस्तामन्यसकाशे तु,
देव-गुर्वोरपि न हि ।
प्रकाशयाम ओघं नो,
दोषाणां किं भविष्यति ? ॥९३॥

બીજાની વાત તો જવા દો,
દેવ-ગુરુની પાસે પણ
આપણે આપણા દોષોની
કબૂલતા કરતા નથી,
ખરેખર...
આપણું શું થશે ??? ॥૯૩॥

द्रव्यरोगादपि भाव -
रोगो महाभयङ्करः ।
शतचौर्याद्यथर्णं स्या -
त्कोटाकोटिमितं क्वचित् ॥९४॥

દ્રવ્યરોગ કરતા પણ
મહાભયંકર હોય,
તો એ છે ભાવરોગ.
જાણે
એકમાં
સો રૂપિયાની ચોરી થઈ છે,
તો બીજામાં
કરોડો કરોડો રૂપિયાનું
દેવું છે. ॥૯૪॥

ज्ञायतां भावरोगोऽस्ति,

द्रव्यरोगनिबन्धनम् ।

अल्पोऽपि भावरोगस्स्या -

न्महादुःखैककारणम् ॥९५॥

સમજી લો કે,

ભાવરોગ એ જ

દ્રવ્યરોગનું કારણ છે.

અલ્પ પણ ભાવરોગ

મહાદુ:ખનું કારણ બન્યા વિના

રહેતો નથી. ॥૯૫॥

श्रामण्यं श्रमणानां स्या -
दुज्ज्वलं हि तदा यदा ।
गृहिसंस्तवलेशोऽपि,
न स्यात् प्रायोऽन्यथा न हि ॥९६॥

શ્રમણોની શ્રમણતા
ત્યારે જ ઉજ્જવળ થાય,
કે જ્યારે તેમના જીવનમાં
થોડો પણ ગૃહસ્થપરિચય ન હોય.
આના વિના
પ્રાયઃ કરીને સાધુતાનો
ઉજાસ પ્રગટી શકતો નથી. ॥૯૬॥

लक्ष्मैतद् बाह्यभावानां,

स्वाध्यायारिरयं परः ।

जिनाज्ञापालने विघ्नं,

गृहिणां संस्तवो हि यः ॥९७॥

ગૃહસ્થોનો પરિચય

એ બાહ્યભાવોનું

ઓળખચિહ્ન છે,

એ સ્વાધ્યાયનો પરમ શત્રુ છે,

એ જિનાજ્ઞાના પાલનમાં

એક વિઘ્ન છે. ॥૯૭॥

यान्यकल्याणमित्राणि,
सहकारीणि तानि तु ।
अनादिकालीनानां नो,
दोषाणां परिपुष्टये ॥९८॥

આપણા અનાદિકાલીન દોષોને
અત્યંત પુષ્ટ કરે એવું
કોઈ સહકારી કારણ હોય,
તો એ છે
અકલ્યાણમિત્રો. ॥૯૮॥

आपृच्छ्य बहुवेलादि,
महत्कार्येष्वपृच्छनम् ।
स्फुट एव भवेद्दम्भो,
गुरुणाऽऽकं निषेवितः ॥९९॥

'બહુવેલ સંદિસાહું ?'
આ પ્રશ્ન દ્વારા શ્વાસોચ્છ્વાસની
પણ અનુજ્ઞા માંગવી,
અને બીજી બાજું
મોટા કાર્યો પણ
પૂછ્યા વિના કરવા,
એ ગુરુ સાથે કરેલી
છેતરપિંડી નહીં,
તો બીજું શું છે ? ॥૯૯॥

अर्थतो वीरनाथोऽयं,
सुधर्मेशश्च सूत्रतः ।
शास्त्रमस्माकमस्मान् मा,
विहायेदं व्रजान्यतः ॥१००॥

આપણા શાસ્ત્રો
એ અર્થથી પ્રભુ વીર છે,
અને સૂત્રથી સુધર્માસ્વામી છે,
એથી શાસ્ત્રને છોડીને
બીજે ન દોડો. ॥૧૦૦॥

क्षयोपशमभावोत्था,
गुणा अस्थिरतान्विताः ।
क्षायिकतां विनेयास्ते,
सुस्थिरत्वं भवेद्यतः ॥१०१॥

ક્ષયોપશમભાવથી
ઉત્પન્ન થયેલા ગુણો
અસ્થિર હોય છે.
તેમને સુસ્થિર બનાવવાનો
માત્ર એક જ વિકલ્પ છે,
કે આપણે એમને ક્ષાયિક-કક્ષાએ
પહોંચાડી દઈએ. ॥૧૦૧॥

आकृतिरप्यहो साधो -
जगदेकविबोधिका ।
किमस्यापि वचोमुख्यं,
भवेत्संसारकारणम् ॥१०२॥

શ્રમણની તો આકૃતિ પણ
એવી હોય,
કે જેનાથી વિશ્વ
પ્રતિબોધ પામે,
તો પછી શ્રમણની વાણી કે ચેષ્ટા
એવા હોય ખરાં ?
કે જેનાથી લોકો અધર્મ પામે,
અને તેમનો સંસાર
વધી જાય ? ॥૧૦૨॥

क्रोधात्सत्यमपि स्पष्टं,
बुवाणः पापभाजनम् ।
तत्सत्यमप्यसत्यं स्यात्,
क्रोधादिप्रोद्भवं हि यत् ॥१०३॥

ક્રોધથી સત્ય બોલે
તે આત્મા પણ
પાપોના પોટલા બાંધે છે.
કારણ કે
જેના મૂળમાં
ક્રોધ વગેરે દોષો છે,
તેવું સત્ય પણ
અસત્ય જ છે. ॥૧૦૩॥

नरकं तीर्थनाथाना -
मपि सम्यक् प्रकाशयन् ।
जिनागमः प्रमाणं स,
यथार्थवादितान्वितः ॥१०४॥

જિનાગમની કેવી યથાર્થવાદિતા !
તીર્થંકરનો આત્મા નરકમાં ગયો,
તો તે વાત પણ
યથાવત્ રજુ કરી દીધી...
ખરેખર... આપણને તો
આ જિનાગમ જ પ્રમાણ છે,
જેમાં ક્યાંય અસત્યનો
છાંટો પણ નથી. ॥૧૦૪॥

वरो भावसमाधिस्स्या -
दुत्तमः सोऽप्यनुत्तमः ।
अस्माभिः प्राथ्यर्यते ह्येष,
नामस्तवे प्रभोः पुरः ॥१०५॥

'વર' એટલે ભાવસમાધિ
અને
'ઉત્તમ' એટલે
શ્રેષ્ઠ ભાવસમાધિ.
લોગસ્સસૂત્રમાં પ્રભુની સમક્ષ
આપણે તેની પ્રાર્થના
કરીએ છીએ –
'સમાહિવરમુત્તમં દિંતુ.' ॥૧૦૫॥

संयमस्य सुरक्षार्थ -

मपि लोकविरुद्धकम् ।

न सेव्यं मूलहानिर्य -

देवं सम्यक्त्वसङ्क्षतेः ॥१०६॥

સંયમની સુરક્ષા કરવા માટે પણ
લોકવિરુદ્ધ કાર્ય ન કરવું જોઈએ,
કારણ કે
એવું કરવાથી તો
સમ્યક્ત્વ પણ જતું રહે છે,
અને
વ્યાજના લોભમાં મૂડી ગુમાવવાનો
ઘાટ ઘડાય છે. ॥૧૦૬॥

धर्मनिन्दा यतस्स्यात्तत्,
त्रिधापि त्यज्यतां लघु ।
यतः शासनमालिन्यं,
महानर्थनिबन्धनम् ॥१०७॥

મન-વચન-કાયાથી
એવી પ્રવૃત્તિનો
શીઘ્ર ત્યાગ કરવો જોઈએ,
કે જેનાથી ધર્મની નિંદા થાય.
કારણ કે
જિનશાસનની હીલના
એ મહાઅનર્થનું કારણ છે.
॥૧૦૭॥

धर्मिनिन्दाऽपि तत्त्वेन,
धर्मनिन्दोच्यते बुधैः ।
दुरन्तश्च विपाकोऽस्या,
महामिथ्यात्ववर्धनः ॥१०८॥

જ્ઞાનીઓ કહે છે કે,
ધર્મીની નિંદા એ પણ
વાસ્તવમાં તો ધર્મની નિંદા છે.
અને
ધર્મનિંદાનો વિપાક
ખૂબ ભયંકર છે.
તેનાથી મહા-મિથ્યાત્વની
વૃદ્ધિ થાય છે. ॥૧૦૮॥

अबोधितोऽप्यबोधेर्यद्,
बीजं तददतिदारुणम् ।
अनुबध्नात्यनन्तं तत्,
संसारं दुःखकारणम् ॥१०९॥

અબોધિ કરતાં પણ
વધુ ભયંકર કાંઈ હોય,
તો એ છે અબોધિનું બીજ.
કારણ કે એ અનંત સંસારની
પરંપરા ઉભી કરે છે,
જેમાં દુઃખ સિવાય
બીજું કાંઈ જ નથી. ॥૧૦૯॥

वस्तूत्कृष्टमपि प्राप्य,
यत्तस्मिन् नास्ति नन्दनम् ।
दर्शनमोहनीयस्यो -
दयस्यैतद् विजृम्भितम् ॥११०॥

દેવ, ગુરુ અને ધર્મ
આ ત્રણે ઉત્કૃષ્ટ વસ્તુ
આપણને મળી, છતાં પણ
જો આપણને
તેનો આનંદ ન હોય,
તો એમાં કારણ છે
દર્શનમોહનીય કર્મનો ઉદય.
॥૧૧૦॥

संयमपालनं ह्येतत्,
प्रसिद्धं मोक्षकारणम् ।
प्रमाद्यतां ह हा तस्मिन्,
तद्ग्रहो भवकारणम् ॥१११॥

સંયમનું પાલન
મોક્ષનું કારણ છે,
એ વાત તો પ્રસિદ્ધ છે જ,
પણ જેઓ સંયમપાલનમાં
પ્રમાદ કરે છે, તેમને માટે
સંયમનું ગ્રહણ જ
સંસારનું કારણ
બની જાય છે. ॥૧૧૧॥

भक्तपानादिदानेन,
गुरुभक्तिर्हि द्रव्यतः ।
तदाज्ञापालनं सम्यक्,
भावभक्तिः प्रकीर्तिता ॥११२॥

ગુરુને ગોચરી-પાણી વગેરે
આપવા એ
ગુરુની દ્રવ્યભક્તિ છે,
જ્યારે ગુરુની આજ્ઞાનું
સમ્યક્ પાલન કરવું એ
તેમની ભાવભક્તિ છે. ॥૧૧૨॥

मोक्षास्मदन्तरे हानि -
र्यया स्यात्तादृशी क्रिया ।
सर्वाऽप्यस्माभिराधेया,
नान्योऽस्ति शिवसञ्चरः ॥११३॥

જેનાથી
આપણું અને મોક્ષનું અંતર
ઘટતું જાય
એવી સર્વ ક્રિયાઓની
આપણે આરાધના કરવી જોઈએ,
આ સિવાય બીજો કોઈ
મોક્ષમાર્ગ નથી. ॥૧૧૩॥

सर्वजीवहितं भूया -
देतदेव जिनागमः ।
तात्पर्यमेति, येनैत -
न्मात्रमेव जिनाशयः ॥११४॥

જિનાગમનું તાત્પર્ય
પણ આ જ છે,
અને
જિનેશ્વરનો આશય
પણ આ જ છે,
કે
સર્વ જીવોનું
હિત થાઓ. ॥૧૧૪॥

सर्वजीवदयावार्धिः,

सर्वसत्त्वहिताशयः ।

कारुण्यपुण्यचित्तो यो,

भावसाधुरसौ ध्रुवम् ॥११५॥

જેના હૃદયમાં
સર્વ જીવો પ્રત્યે
દયાનો દરિયો ઉભરાય છે,
સર્વ જીવોનું હિત થાય
એવો આશય છે,
કરુણાજન્ય પવિત્રતા
પ્રસરી રહી છે, એ અવશ્ય
ભાવસાધુ છે. ॥૧૧૫॥

उत्सर्गोऽपि विधिर्हेयः,
संयमहानिकारणम् ।
अपवादोऽपि स त्याज्यः,
हानिस्स्यात्संयमे यतः ॥११६॥

દ્રવ્ય, ક્ષેત્ર વગેરેની અપેક્ષાએ
જેનાથી સંયમની હાનિ થાય,
એવો ઉત્સર્ગમાર્ગ પણ
ત્યાજ્ય છે,
અને જે સંયમહાનિનું
કારણ બને
એવો અપવાદમાર્ગ પણ
ત્યાજ્ય છે. ॥૧૧૬॥

विजेयानि हृषीकानि,
प्राक् कषायास्ततः परम् ।
नाजितेन्द्रियनुः काऽपि,
कार्यसिद्धिः प्रकीर्तिता ॥११७॥

પહેલા
ઈન્દ્રિયોને જીતવી જોઈએ,
અને પછી
કષાયોને જીતવા જોઈએ.
જે જિતેન્દ્રિય નથી,
એ મનુષ્ય
કોઈ કાર્યને સિદ્ધ
કરી શકતો નથી. ॥૧૧૭॥

उपसर्गेष्वपि चिन्त्यं,
नादायर्ण सुखं मम ।
उपस्रष्टुरहो ! किन्तु,
का दुर्गतिर्भविष्यति ? ॥११८॥

ઉપસર્ગો સહન કરવાનો અવસર
આવે ત્યારે એટલું જ વિચારવું,
કે દેવું ચૂકવ્યા વિના
હું સુખી નહીં થઈ શકું,
તેથી મારા માટે તો
ઉપસર્ગ એ ઉત્સવ જ છે,
પણ જે ઉપસર્ગ કરે છે,
એ કેવી
દુર્ગતિમાં જશે ? ॥૧૧૮॥

बहुमानयुता भक्ति -
रल्पाऽपि परमेष्ठिनि ।
नियोगतः प्रदात्येषा,
पदं तु परमेष्ठिनि ॥११९॥

પરમેષ્ઠી પ્રત્યે
અલ્પ પણ
બહુમાનયુક્ત ભક્તિ હોય,
એ પરમેષ્ઠીમાં
સ્થાન આપ્યા વિના
રહેતી નથી. ॥૧૧૯॥

भवति फलदं मोक्ष -
बीजं तत्साधकादृतेः ।
आशातना तु तेषां स्या -
न्मोक्षबीजेऽनलः परः ॥१२०॥

મોક્ષસાધક પુણ્યાત્માઓ
પ્રત્યેનો આદર
મોક્ષના બીજને ફળીભૂત કરે છે.
જ્યારે તેમની આશાતના
એ મોક્ષબીજને
બાળી નાખનાર
મહાદાવાનળ જેવી છે. ॥૧૨૦॥

य एकोऽपि शुभो भावो,
हृदये जायते किल ।
सर्वोऽप्यर्हदनुभाव:,
तत्र हेतुत्वमृच्छति ॥१२१॥

હૃદયમાં જે એકાદ પણ
શુભ ભાવ જાગે છે,
તેમાં કારણ છે
અરિહંત પરમાત્માનો
પ્રભાવ. ॥૧૨૧॥

सप्तक्षेत्र्यां बहुमानो,
यो स जिनेशगोचरः ।
साधर्मिकानुरागो यः,
सोऽनुरागो जिने ह्यतः ॥१२२॥

સાત ક્ષેત્ર પ્રત્યે
જે બહુમાનભાવ છે,
તે વાસ્તવમાં પ્રભુ પ્રત્યેનો
બહુમાનભાવ છે.
આ રીતે સાધર્મિક પ્રત્યે
જે અનુરાગ છે,
તે પણ હકીકતમાં
પ્રભુપ્રીતિ જ છે. ॥૧૨૨॥

विषयेषु भवेद्रागो,
यावन्मात्रस्ततोऽधिकः ।
यदि देवगुरूषु स्या -
त्तदाऽनुबन्धविक्षतिः ॥१२३॥

જેટલો રાગ
વિષયો પ્રત્યે છે,
તેનાથી અધિક રાગ
જો દેવ અને ગુરુ પ્રત્યે આવે,
તો
અશુભ અનુબંધો તૂટે. ॥૧૨૩॥

ताम्रात्मकः क्षणोऽस्माकं,
रसात्मकचरित्रतः ।
संवेधविषयीकृत्य,
कार्यः स्वर्णात्मकस्सदा ॥१२४॥

આપણી પ્રત્યેક ક્ષણ
તાંબા જેવી છે.
ચારિત્ર એ સુવર્ણસિદ્ધિના
રસ જેવું છે. આ રસથી આપણી
પ્રત્યેક ક્ષણને પરોવીને તેને
સુવર્ણ સમાન બનાવી દેવાની છે.
આપણા પરમ સૌભાગ્યથી
આપણને આ મહામૂલી
તક મળી છે. ॥૧૨૪॥

देहवस्त्रगृहादीनां,
शुद्धिकृतौ सुसादराः ।
चित्तात्मनोर्विशुद्ध्यर्थं,
कथमनादरा ह हा ॥१२५॥

જીવો શરીર, વસ્ત્ર અને
ઘર વગેરેની શુદ્ધિ માટે
ખૂબ જ કાળજી રાખે છે,
તો તેઓ શરીર વગેરે કરતા
અનેકગણા મૂલ્યવાન એવા
મન અને આત્માની
શુદ્ધિ માટે આટલા બેદરકાર
કેમ છે ? ॥૧૨૫॥

नृपोऽपि धर्महीनो यः,
स दरिद्रो न संशयः ।
दरिद्रोऽपि सुधर्मी यः,
नृपाधिकः स संसृतौ ॥१२६॥

ધર્મરહિત
એવો રાજા પણ ગરીબ જ છે,
સદ્ધર્મસંપન્ન
એવો ગરીબ પણ
વિશ્વમાં રાજા કરતાં પણ
વધારે છે. ॥૧૨૬॥

त्रिशलादिप्रसूतोऽसौ,
प्रसूतः जिनविग्रहः ।
करूणा जननी जन्म,
जिनत्वाय ददौ खलु ॥१२७॥

તીર્થંકરોના શરીરને
જન્મ આપ્યો
ત્રિશલા આદિ માતાઓએ,
જ્યારે તીર્થંકરત્વને
જન્મ આપનારી માતા છે
કરુણા. ॥૧૨૭॥

भेतव्यं नैव दुःखेभ्यो,
भेतव्यं तन्निबन्धनात् ।
नैष्टव्यानि सुखान्येव -
मेष्टव्यं तन्निबन्धनम् ॥१२८॥

દુઃખથી ગભરાશો મા !
ડરવું હોય, તો
દુઃખના કારણથી ડરજો.
સુખ પાછળ દોડશો મા !
દોડવું હોય, તો
સુખના કારણ પાછળ દોડજો.
॥૧૨૮॥

पापाच्चरणयोगेषु,
व्रजनं यत् प्रकर्षतः ।
प्रव्रज्यैषा परिप्रोक्ता,
श्रीमत्तीर्थकरादिभिः ॥१२९॥

તીર્થંકરો કહે છે...
પાપથી ચારિત્રયોગો તરફની
પરમયાત્રા
એનું જ નામ પ્રવ્રજ્યા. ॥૧૨૯॥

सुकरो विषयत्यागो,
दुष्करा हेयतामतिः ।
त्यागादपि हि वैराग्य -
मतो हि दुर्धरं मतम् ॥१३०॥

વિષયોનો ત્યાગ કરવો
એ હજી કદાચ સહેલો છે,
પણ વિષયો પ્રત્યે
હેયબુદ્ધિ કેળવવી
એ તો ભારે પરાક્રમ માંગી લે,
એવી વસ્તુ છે. માટે જ
ત્યાગ કરતાં પણ વૈરાગ્ય
એ ખૂબ અઘરો છે. ॥૧૩૦॥

उच्चारेऽपि प्रभोर्नाम्नो,
भाव्यं रोमाञ्चशालिना ।
अस्माकमेष सर्वस्व -
माधार एष एव नः ॥१३१॥

પ્રભુનું નામ બોલતાની સાથે
રોમાંચિત થઈ જવું જોઈએ.
પ્રભુ
એ જ આપણું સર્વસ્વ છે,
એ જ આપણો આધાર છે.
॥૧૩૧॥

सत्प्रवृत्तिः सुखात्सेव्या,
वचसो वपुषस्तथा ।
सत्त्वेऽन्वयो हि चित्तस्य,
दुष्कराद्दुष्करः खलु ॥१३२॥

વાણી અને વચનથી
શુભ પ્રવૃત્તિ કરવી,
એ હજી કદાચ સહેલું છે,
પણ મનને શુભમાં
જોડી રાખવું
એ તો દુષ્કરથી પણ
દુષ્કર છે. ॥૧૩૨॥

द्रव्यभावोभयात्सङ्गा -
न्निष्क्रान्तिर्या महात्मनः ।
महाभिनिष्क्रमणं त -
दुक्तं सूक्तैकवादिभिः ॥१३३॥

પ્રભુએ કહ્યું છે...
દ્રવ્ય અને ભાવ...
આ બંને પ્રકારના સંગથી
મહાત્માની જે વિદાય
એનું જ નામ
મહાભિનિષ્ક્રમણ. ॥૧૩૩॥

विरागो वीतरागत्व -
पदस्य पदवी खलु ।
पदेप्सुभिरुपादेया,
पदवी नान्यसञ्चरः ॥१३४॥

વીતરાગપણાનો માર્ગ છે વિરાગ.
માટે
જેને વીતરાગપણુ જોઈએ છે,
તેણે વિરાગને
આત્મસાત્ કર્યા સિવાય
બીજો કોઈ જ વિકલ્પ નથી.
॥૧૩૪॥

अर्थो मूलमनर्थानां,
कामो हालाहलं परम् ।
संवेदनमिदं यस्य,
विरागी सोऽभिधीयते ॥१३५॥

અર્થ એ
અનર્થનું મૂળ છે,
અને
કામ એ
કાતિલ વિષ છે,
જેના હૃદયમાં
આવું સંવેદન છે,
તેનું નામ વિરાગી છે.
॥૧૩૫॥

सर्वाधमतयाऽऽत्मानं,
द्रक्ष्यामो भावतो यदा ।
तदैव धर्मसम्प्राप्ति -
योग्यता नो भविष्यति ॥१३६॥

જ્યારે
આપણી જાત
આપણને વાસ્તવમાં
બધાથી 'અધમ' દેખાશે,
ત્યારે
આપણામાં ધર્મપ્રાપ્તિની
વિશિષ્ટ યોગ્યતા આવશે. ॥૧૩૬॥

अनन्तजन्मसूच्चैर्यो,
ह्यभिमानः कृतः पुरा ।
'अहं सर्वाधमो'ऽस्मीति,
भावना तस्य नाशनम् ॥१३७॥

અનંત જન્મોમાં
ભયાનક અભિમાન કરીને
આપણે જે પાપ કર્યું છે,
તેનું પ્રાયશ્ચિત્ત છે
'હું સર્વથી અધમ છું'
એવી ભાવના.
આવી નમ્રતા વિના અહંકારજન્ય
પાપનું પ્રક્ષાલન થાય, એવી
શક્યતા નહીવત્ છે. ॥૧૩૭॥

यत्किञ्चनाप्यवाप्तं यत्,
तत् जिनेशप्रसादतः ।
अभविष्यदहो मोक्षो,
निगोदात्तदृते न नः ॥१३८॥

આપણે
જે કાંઈ પણ શુભ વસ્તુને
પ્રાપ્ત કરી છે,
તેનું કારણ છે
પ્રભુની કૃપા.
અરે !
પ્રભુની કૃપા વિના તો
આપણે નિગોદમાંથી પણ
ન છૂટ્યા હોત. ॥૧૩૮॥

शुक्ललेश्यामहाशय्या -
शायी विभववान् परः ।
कृष्णलेश्योत्कराऽऽनन्दी,
न दरिद्रस्ततोऽपरः ॥१३९॥

તેના જેવો કોઈ શ્રીમંત નથી,
કે જે હંમેશા
શુક્લલેશ્યામાં રમણ કરે છે.
અને તેના જેવો
કોઈ ગરીબ નથી,
કે જે હંમેશા
કૃષ્યલેશ્યાના ઉકરડામાં
આળોટ્યા કરે છે. ॥૧૩૯॥

अहङ्कारनिकारेण,
विभावानां विसर्जनम् ।
यदा भावि तदा भावि,
शिष्टमिष्टं परम्पदम् ॥१४०॥

જ્યારે
આપણો અહંકાર ઓગળી જશે,
અને
તેના દ્વારા વિભાવોનું
વિસર્જન થશે,
ત્યારે
બાકી રહેશે માત્ર
પરમપદ. ॥૧૪૦॥

शिष्यः प्रज्ञापनीयो यः,
सोऽज्ञोऽपि स्याच्छिवङ्गमी ।
विपरीतः सुश्रुतोऽपि,
भवाभावं तु नाप्स्यति ॥१४१॥

જે શિષ્ય
પ્રજ્ઞાપનીય છે,
તે ભણેલો ન હોય તો ય
તે મોક્ષગામી બને છે.
જ્યારે
અપ્રજ્ઞાપનીય શિષ્ય
બહુ ભણેલો હોય તો પણ
તે સંસારનો પાર
પામતો નથી. ॥૧૪૧॥

तपोऽधीना भवेयुर्ये,
तेस्युर्वैद्यवशा न हि ।
त्यागैकशरणा ये स्यु -
र्न स्युर्विघ्नवशा हि ते ॥१४२॥

જે
તપનું શરણ લે છે,
તેને ડૉક્ટરનું શરણ
લેવું પડતું નથી.
જેઓ
ત્યાગનું શરણ લે છે,
તેમને કદી
અંતરાયો નડતા નથી.
॥૧૪૨॥

आराधनापराधीनः,
कल्पोऽपि यो भवेन्न हि ।
वीर्यान्तरायबन्धोऽस्य,
भवेद्दौःस्थ्यैकदायकः ॥१४३॥

જે સમર્થ હોવા છતાં પણ
આરાધનામાં મગ્ન થતો નથી,
તે વીર્યાંતરાય કર્મનો
બંધ કરે છે.
જેનું પરિણામ છે
દુર્ગતિની પરંપરા. ॥૧૪૩॥

विस्मृतिरप्युपादेया,
स्वकृतोपकृतेस्तथा ।
परकृतापकारस्य,
स्मृतिर्द्वयस्य दूषणम् ॥१४४॥

પોતે
બીજા પર કરેલો ઉપકાર
અને
બીજાએ
પોતાના પર કરેલો અપકાર,
આ બે વસ્તુને ભૂલી જવી જોઈએ.
આ બે વસ્તુને યાદ રાખવી,
એ દોષ છે. ॥૧૪૪॥

वैयावृत्यविधाता स्या -
त्तीर्थकृन्नामबन्धकः ।
उत्तराध्ययने प्रोक्तं,
पर्युपास्तिफलं न्विदम् ॥१४५॥

ઉત્તરાધ્યયન સૂત્રમાં
સાધુસેવાનું આ ફળ કહ્યું છે...
વૈયાવચ્ચ કરનાર
તીર્થંકર નામકર્મનો બંધ કરે છે.
॥૧૪૫॥

ज्ञानपरिणतिर्नूनं,
महतामपि दुर्लभा ।
सुलभा स्यात्तदैवैषा,
यदा विनीततां व्रजेत् ॥१४६॥

જ્ઞાન દુર્લભ નથી,
દુર્લભ તો છે જ્ઞાનની પરિણતિ,
જે મહાન વ્યક્તિઓને પણ
મળવી મુશ્કેલ છે.
જ્ઞાનની પરિણતિ
મેળવવાનો ઉપાય છે વિનય.
॥૧૪૬॥

विभूतिस्तावदंशेन,
यावदंशेन संयमः ।
यावताऽसंयमस्फाति -
स्तावता तु पराभवः ॥१४७॥

જેટલા અંશે સંયમ છે,
એટલા અંશે આબાદી છે
અને
જેટલા અંશે અસંયમ છે,
એટલા અંશે બરબાદી છે.
॥૧૪૭॥

स्फटिकक्षीरमुक्तावत्,
कर्त्तव्यं निर्मलं मनः ।
सारात्सारतरं वच्मि,
ह्येषाऽऽज्ञा पारमेश्वरी ॥१४८॥

સારથી પણ સાર
વચન કહું છું...
'તમારા મનને સ્ફટિક,
દૂધ અને મોતી જેવું ઉજ્જવળ
અને નિર્મળ કરી દો.'
આ જ પારમેશ્વરી આજ્ઞા છે.
॥૧૪૮॥

सम्राट् स विश्वसाम्राज्ये,

यः स्पृह्यति न किञ्चन ।

द्रमकादनतिगस्स,

यस्तु स्पृह्यति किञ्चन ॥१४९॥

જેને કોઈ વસ્તુની સ્પૃહા નથી,
એ સમસ્ત વિશ્વના સામ્રાજ્યનો
બેતાજ બાદશાહ છે.
અને
જેને કોઈ વસ્તુની સ્પૃહા છે,
તેનામાં અને ભિખારીમાં
કોઈ ફરક નથી. ॥૧૪૯॥

शास्त्रं शास्त्रं तदैव स्याद्,
बोधश्चेन्निर्मलो भवेत् ।
तदभावे विपर्यासात्,
शास्त्रं तु शस्त्रतां व्रजेत् ॥१५०॥

શાસ્ત્ર...
એ તો જ શાસ્ત્ર બને,
કે જો નિર્મળ બોધ હોય.
જો નિર્મળ બોધ ગેરહાજર હોય,
તો વિપરીતજ્ઞાન થાય છે,
અને એ સ્થિતિમાં
શાસ્ત્ર... એ શસ્ત્ર બની જાય છે.
॥૧૫૦॥

विनयान्निर्मलो बोध -
स्तत्त्वपरिणतिस्ततः ।
ततोऽपि समतावाप्ते -
र्माध्यस्थ्यं सर्वगं भवेत् ॥१५१॥

વિનયથી નિર્મળબોધ મળે છે,
નિર્મળબોધથી તત્ત્વપરિણતિ મળે છે,
તત્ત્વપરિણતિથી સમતા મળે છે,
અને
સમતાથી સર્વત્ર
માધ્યસ્થ્યભાવની પ્રાપ્તિ થાય છે.
॥૧૫૧॥

ज्ञाज्ञयोरन्तरं पश्य,

समानेऽपि निबन्धने ।

निर्जरा तु परैकस्या -

ऽपरस्य बन्धनं परम् ॥१५२॥

જ્ઞાની અને અજ્ઞાનીનું
અંતર જુઓ...
નિમિત્ત તો સમાન જ છે,
તો ય એક વ્યક્તિ
પરમ નિર્જરા કરે છે,
અને બીજી વ્યક્તિ
ક્લિષ્ટ કર્મનો બંધ કરે છે.
॥૧૫૨॥

मृत्युरेष चरित्रस्य,
दुर्भावो गुरुगोचरः ।
स्वप्नेऽप्ययं विहातव्यो,
भाव्यं सद्भावशालिना ॥१५३॥

ગુરુ પ્રત્યેનો અસદ્ભાવ
એ જ ચારિત્રનું મૃત્યુ છે.
માટે સપનામાં પણ
ગુરુ પ્રત્યે દુર્ભાવ ન થઈ જાય,
તેની કાળજી રાખવી જોઈએ.
ગુરુ પ્રત્યે
પૂર્ણ સદ્ભાવ ધારણ કરવો જોઈએ.
॥૧૫૩॥

मन्यते यो गुरुं मां स,
एषाऽऽज्ञा पारमेश्वरी ।
गुरुरेव प्रभुः साक्षात्,
प्रमाणं जिनशासनम् ॥१५४॥

પંચસૂત્ર કહે છે,
જે ગુરુને માને છે,
તે મને માને છે,
એવી પારમેશ્વરી આજ્ઞા છે.
'ગુરુ એ સાક્ષાત્ પ્રભુ જ છે'
આ વાતમાં જિનાજ્ઞા પ્રમાણ છે.
॥૧૫૪॥

गुरुभक्तिबहुमान -
प्रसादादेव सम्भवेत् ।
चारित्रे निर्भरा श्रद्धा,
स्थैर्यं च मेरुसन्निभम् ॥१५५॥

ચારિત્રમાં પૂર્ણ શ્રદ્ધા
અને મેરુ જેવી નિશ્ચલતાને
પામવાનો આ જ ઉપાય છે–
ગુરુભક્તિ અને બહુમાન.
॥૧૫૫॥

गुरोराशातनैवातः,

शैथिल्यं संयमे परम् ।

संयमास्थिरता चेय -

मविनयो गुरौ हि यः ॥१५६॥

માટે ગુરુની આશાતના

એ જ સંયમની

અત્યંત શિથિલતા છે.

અને ગુરુનો અવિનય

એ જ સંયમમાં અસ્થિરતા છે.

॥૧૫૬॥

मुनिनतिरपि शक्ता,
नरकायुर्विभेदने ।
गुरुभक्तिप्रभावेन,
न किञ्चिदपि दुर्लभम् ॥१५७॥

મુનિવંદન પણ જો
નરકના આયુષ્યને
તોડી શકતું હોય,
તો પછી
એવી કઈ વસ્તુ હોય,
કે જે ગુરુભક્તિથી
શક્ય ન બને ? ॥૧૫૭॥

धनैकबद्धलक्षत्वात्,
खिद्यन्ति गृहिणो न हि ।
निर्जरामात्रलक्ष्यत्वात्,
खिद्येयुर्यतयः कथम् ? ॥१५८॥

ગૃહસ્થો ધંધો કરતા
કદી થાકતા નથી,
તેમનું લક્ષ્ય
પૈસામાં જ સ્થિર થઈ ગયું છે.
તો પછી જેમનું લક્ષ્ય
નિર્જરામાં જ સ્થિર થઈ ગયું છે,
એવા સાધુઓ
સાધના કરતા થાકે ખરા ?
॥૧૫૮॥

सातसुखमपि हेय -
मुपादेयं समाधिशम् ।
सातासातद्वयं नित्य -
सुख एत्यन्तरायताम् ॥१५९॥

સાતાનું સુખ પણ ત્યાજ્ય છે,
ઉપાદેય હોય,
તો એ છે સમાધિનું સુખ.
સાતા ને અસાતા
આ બંને નિત્યસુખની પ્રાપ્તિમાં
અંતરાયભૂત છે. ॥૧૫૯॥

विषयाः सुखरूपा न,
नापि ते दुःखलक्षणाः ।
रागात् सुखाभिमानस्स्याद्,
द्वेषतो दुःखविभ्रमः ॥१६०॥

વિષયો એ સુખરૂપ પણ નથી,
અને દુ:ખરૂપ પણ નથી.
રાગને કારણે
તેઓ સુખરૂપ લાગે છે,
અને દ્વેષને કારણે
'તેઓ દુ:ખરૂપ છે'
એવો ભ્રમ થાય છે. ॥૧૬૦॥

न हि जिनवचः सौख्य -
हेतुमात्रमपि त्वदः ।
साक्षात् सौख्यस्वरूपं हि,
तथानुभवसिद्धितः ॥१६१॥

જિનવચન...
એ સુખનું કારણ જ છે,
એવું નથી,
પણ એ સાક્ષાત્
સુખરૂપ જ છે,
કારણ કે આ વાત
અનુભવસિદ્ધ છે. ॥૧૬૧॥

तृष्णाधारो भवः कृत्स्न -
स्तत्क्षये क्षयमेत्ययम् ।
तत्पोषे पोषमायाति,
यज्जानासि तथा कुरु ॥१६२॥

સંસારનો એક જ આધાર છે,
તૃષ્ણા.
જેમ જેમ તૃષ્ણાનો ક્ષય થાય,
તેમ તેમ સંસારનો ક્ષય થાય છે,
અને જેમ જેમ
તૃષ્ણાની પુષ્ટિ થાય,
તેમ તેમ સંસારની પુષ્ટિ થાય છે.
શું કરવું ?
એ આપણા હાથની વાત છે.
॥૧૬૨॥

यावन्मात्रोपयोगस्स्यात्,

तावान् धर्मोऽस्ति धर्मिणः ।

अत एव बुधैर्धर्म,

उपयोगे प्रकीर्त्तितः ॥१६३॥

જ્ઞાનીઓ કહે છે,

'ઉપયોગે ધર્મ છે.'

એનો અર્થ એ છે કે,

જેટલા પ્રમાણમાં ઉપયોગ હોય

એટલા પ્રમાણમાં ધર્મ છે.

જરા તપાસ કરીએ...

આપણી ક્રિયા આંતરિક છે કે

યાંત્રિક ? ॥૧૬૩॥

पुष्पपूजाफलेनाऽऽप्तं,
राज्यं कुमारभूभुजा ।
प्रणिधानकृतं कर्म,
भवेत्तीव्रविपाककृत् ॥१६४॥

કુમારપાળ રાજાએ
પુષ્પપૂજાના ફળરૂપે
રાજ્યની પ્રાપ્તિ કરી,
કારણ કે એ પૂજા
પ્રચંડ પ્રણિધાન સાથે કરી હતી.
જે કાર્યને પ્રણિધાનપૂર્વક
કરવામાં આવે તેનું ઉત્કટ ફળ
મળ્યા વિના
રહેતું નથી. ॥૧૬૪॥

ततः पश्चादपि भावः,
षड्‌ऋतुपुष्पपूजने ।
बभूव योऽस्य तत्रापि,
हेतुः प्राक्कृतपूजनम् ॥१६५॥

ત્યાર બાદ પણ
કુમારપાળ રાજાને છ ઋતુના
પુષ્પોથી પૂજા કરવાનો
ભાવ જાગ્યો,
તેનું કારણ હતું,
પૂર્વભવમાં ભાવથી કરેલી
પુષ્પપૂજા. ॥૧૬૫॥

यथेह बीजमुप्तं स्यात्,
प्ररोहादिप्रसूस्तथा ।
प्राक्कृतं प्रणिधानं स्याद्,
विशेषतत्करं खलु ॥१६६॥

જેમ
બીજનું વાવેતર કરો
તો તે અંકુરા વગેરેને
જન્મ આપે છે,
તેમ પૂર્વે કરેલું પ્રણિધાન
વિશિષ્ટ પ્રણિધાનને
ઉત્પન્ન કરે છે. ॥૧૬૬॥

विशुद्धभावनासारं,
प्रणिधानं प्रकीर्त्तितम् ।
अतोऽनन्तानुबन्ध्यादि -
कषायहानतो भवेत् ॥१६७॥

પ્રણિધાન
વિશુદ્ધભાવનાના સારથી
યુક્ત હોય છે.
માટે તેને પ્રાપ્ત કરવું હોય
તો અનંતાનુબંધી આદિ
તીવ્ર કષાયોને તો
છોડવા જ રહ્યા. ॥૧૬૭॥

यत्किञ्चिदपि सद्दृष्टि -
रालम्बनमवाप्य तत् ।
रत्नत्रयस्य वृद्ध्यर्थ -
मुपयुनक्ति नेतरे ॥१६८॥

સમ્યગ્દષ્ટિ જીવને
જે કોઈ પણ આલંબન મળે,
તેનો તે
રત્નત્રયીની આરાધનામાં જ
ઉપયોગ કરે,
બીજે ક્યાંય નહીં. ॥૧૬૮॥

शुद्धतैवास्ति सज्ज्ञानं,
चारित्रमेकता मता ।
तथा तिग्मं तपो यत्तत्,
तीक्ष्णतेति समुच्चयः ॥१६९॥

સમ્યક્જ્ઞાન એ જ શુદ્ધતા છે.
સમ્યક્ ચારિત્ર એ જ એકતા છે.
અને
સમ્યક્ તપ એ જ તીક્ષ્ણતા છે.
આ ત્રણનો સમુચ્ચય
એ જ મોક્ષમાર્ગ છે. ॥૧૬૯॥

वस्तुनां विश्वविश्वस्य,
यन् नैर्मल्येन दर्शनम् ।
प्रियत्वादिपरिहारात्,
तदेव ज्ञानलक्षणम् ॥१७०॥

સમસ્ત વિશ્વની વસ્તુઓને
નિર્મળતાપૂર્વક જોવી,
તેમાં પ્રિય-અપ્રિયની
કલુષતાનો ત્યાગ કરવો,
એ જ
સમ્યક્ જ્ઞાનનું લક્ષણ છે. ॥૧૭૦॥

आत्मन्येकायनीभावो,
यो भवेत् क्षीरनीरवत् ।
चारित्रस्य स एवात्र,
समीष्टमेकतापदात् ॥१७१॥

ક્ષીર-નીરની જેમ
આત્મા અને ચારિત્ર
એક-મેક થઈ જાય,
તેનું જ નામ એકતા. ॥૧૭૧॥

यथेन्धनं समिद्धोऽग्नि -
भर्स्मसात् कुरुतेतराम् ।
तपस्त्तथैव कर्माणि,
ह्यतस्त्तत् तीक्ष्णतामयम् ॥१७२॥

અગ્નિ જાજ્વલ્યમાન બન્યો હોય,
ત્યારે એ ઈંધણને ક્ષણવારમાં
ભસ્મીભૂત કરી દે છે.
તે જ રીતે તપ
કર્મોને ભસ્મીભૂત કરી દે છે,
માટે તપ એ
તીક્ષ્ણતામય છે. ॥૧૭૨॥

प्रसिद्धिः प्रतिबध्नाति,
सिद्धिमतस्ततस्सदा ।
भेतव्यं दूरतो भाव्य -
मात्मार्थिभिर्मुमुक्षुभिः ॥१७३॥

પ્રસિદ્ધિ
એ સિદ્ધિને અટકાવી દે છે.
માટે આત્માર્થી મુમુક્ષુઓએ
પ્રસિદ્ધિથી ડરવું જોઈએ
અને
તેનાથી દૂર રહેવું જોઈએ.
॥૧૭૩॥

यदा यदौदयिकस्स्याद्,
भावो बन्धस्तदा तदा ।
क्षायोपशमिको भावो,
यदा तदा तु निर्जरा ॥१७४॥

જ્યારે જ્યારે
ઔદયિક ભાવનો ઉદય થાય છે,
ત્યારે ત્યારે
કર્મબંધ થાય છે.
અને
જ્યારે જ્યારે ક્ષયોપશમિક ભાવનો
ઉદય થાય છે ત્યારે ત્યારે
કર્મનિર્જરા થાય છે. ॥૧૭૪॥

मोहनीयक्षयादुर्ध्व -
मेव ज्ञानावृतिक्षयः ।
आत्मा तु पात्रतां नेयः,
पात्रमायान्ति सम्पदः ॥१७५॥

મોહનીયકર્મનો ક્ષય થાય,
ત્યાર પછી તરત જ
જ્ઞાનાવરણીય કર્મનો
ક્ષય થાય છે.
આપણે 'વીતરાગતા'ની પાત્રતાને
કેળવીએ, 'સર્વજ્ઞતા'ની સંપત્તિ
સ્વયં આપણને સ્વાધીન
બની જશે. ॥૧૭૫॥

इति

चरमतीर्थपति-श्रमणभगवन्महावीरस्वामिशासने
जिताजितारि-श्रीअजितनाथस्वामिसान्निध्ये
मुनिरसाम्बरनयने (२०६७) वैक्रमेऽब्दे
मृगशीर्षकृष्णत्रयोदश्यां वापीनगरे
तपागच्छीयाचार्यदेवश्रीमद्विजयप्रेम-
भुवनभानु-पद्म-हेमचन्द्रसूरीश्वरशिष्य-
आचार्यविजयकल्याणबोधिसूरिसंवर्णिता
वैराग्यदेशनादक्षगुरुदेववाचनानां
सुरभाषापद्यानुवादरूपा
देशनोपनिषद्

ઈતિ

ચરમતીર્થપતિશ્રમણ ભગવાન મહાવીરસ્વામીના શાસનમાં
અજિત શત્રુઓના વિજેતા શ્રીઅજિતનાથસ્વામીના સાન્નિધ્યમ
વિ.સં. ૨૦૬૭માં
માગસર વદ ૧૩ના દિને વાપીનગરે
તપાગચ્છીય આચાર્યદેવ શ્રીમદ્વિજયપ્રેમ-ભુવનભાનુ-પદ્મ-
હેમચન્દ્રસૂરીશ્વરશિષ્ય
આચાર્યવિજયકલ્યાણબોધિસૂરિસંવર્ણિતા
વૈરાગ્યદેશનાદક્ષ
પૂ. ગુરુદેવશ્રીની વાચનાઓના
સંસ્કૃત કાવ્યમય અવતરણરૂપ
દેશનોપનિષદ્



આ છે,

વૈરાગ્યની અનરાધાર ધારા, ચાલો, સ્નાન કરીએ.<br>
અધ્યાત્મના આકાશના તારા, ચાલો, શીતળ થઈએ.<br>
મોહરાજને મૂંઝવતા નારા, ચાલો, વિજયી બનીએ.



MULTY GRAPHICS